# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પીજીવીસીએલ રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૩/ક્વા-૪/૨૦-૨૧/૩૯૭૨-૩ તા.૨૯.૦૬.૨૦૨૧

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૩૩/ક્વા-૪/૨૦-૨૧

અરજદાર: **સગપરીયા વલ્લભભાઈ આણંદભાઈ** ગામ: **રાજકોટ**

પેટા વિભાગીય કચેરી : વાવડી

રજૂઆત કરનાર: **અરજદાર હાજર રહેલ નથી.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૩

રજૂઆત કરનાર : કાર્યપાલક ઈજનેર શ્રી પી.જે.મહેતા પીજીવીસીએલ વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૩

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ: ૨૫-૦૬-૨૧ (શુક્રવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૫-૦૬-૨૧ (શુક્રવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે તેઓ દ્વારા ગ્રા.નં. ૩૪૫૧૩/૦૪૧૨૯/૩ થી હયાત વીજજોડાણ કાયમી રદ કરવા માટે તેમજ સિક્યુરિટી ડીપોઝીટની રકમ રૂ.૧૩૯૭૦૬/- રીફંડ મેળવવા માટે તા.૨૨.૧૨.૨૦૨૦ ના રોજ અરજી કરેલ છે. સદર અરજી કર્યાને લગભગ ૬૦ થી ૭૦ દિવસ જેવો સમયગાળો થઈ ગયો હોય હજુ સુધી સિક્યુરિટી ડીપોઝીટની રકમ રીફંડ થયેલ નથી. વધુમાં અરજદારને હાલ આર્થીક જરૂરિયાત ઉભી થયેલ હોય સિક્યુરિટી ડીપોઝીટની રકમ વ્યાજ સાથે પરત અપાવવા અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારના વીજ કનેક્શન નંબર-૩૪૫૧૩૦૪૧૨૯૩ શ્રી સગપરીયા વલ્લભભાઈ આણંદભાઈ દ્વારા લોડ ઘટાડાની અરજી વાવડી સબડીવીઝનમાં આવતા જેની મંજુરી માટે વિભાગીય કચેરીમાં તા.૨૦.૧૦.૨૦ મોકલાવેલ જેની લોડ ઘટાડાની મંજુરી તા.૧૯.૧૧.૨૦ થી આપેલ.

૩.૧ અરજદારશ્રી દ્વારા તા.૨૨.૧૨.૨૦૨૦ ના રોજ લોડ ઘટાડા ના કેસમાં નવી ડીપોઝીટ લઇ જૂની ડીપોઝીટ રીફંડનો ચેક અપાવવા બાબત અરજી કરેલ. જે અનુસંધાને વાવડી સબડીવીઝન દ્વારા પત્ર નંબર-૧૮૯૦૪ તા.૩૧.૧૨.૨૦ ના રોજ ગ્રાહક શ્રી ને **LTMD** કનેક્શન લોડ ૫૦ કીવો. માંથી ૨૦ કી.વો. થતા સિક્યોરીટી ડીપોઝીટ રકમ રૂ.૩૧૯૩૩.૦૦ ભરપાઈ કરવા જણાવેલ જે રકમ ભરપાઈ કર્યેથી જમા રહેલ સદર કનેક્શનની અગાઉની ભરપાઈ કરેલ ડીપોઝીટ રકમ પરત કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરી શકાય.

૩.૨ ઉપરોક્ત બાબતે અરજદાર દ્વારા નવી સિક્યોરીટી ડીપોઝીટ રકમ રૂ.૩૧૯૩૩.૦૦ તા.૦૬.૦૧.૨૧ થી ભરપાઈ કરી આપેલ. જે અનુસંધાને વાવડી સબડીવીઝન દ્વારા તા.૦૭.૦૧.૨૦૨૧ થી લોડ ઘટાડાની ડીપોઝીટ પરત આપવા સદર બાબત રાજકોટ શહેર વિભાગીય કચેરી નં -૩ ને મોકલાવેલ. જે અનુસંધાને ડીપોઝીટ રીફંડ રૂ.૧૩૯૭૦૬.૦૦ ચેક નંબર-૩૨૩૬૮ થી તા. ૧૨.૦૨.૨૧ ના રોજ **RTGS** કરેલ છે.

૩.૩ આમ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારની ફરિયાદનું નિરાકરણ કરાયેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ ઉપરોક્ત મુદ્દા નં. ૨.૦ મુજબની ડીપોઝીટ રીફંડ અન્વયેની ફરિયાદ તા.૧૨-૦૩-૨૧ અન્વયે પીજીવીસીએલ પક્ષકારનાં મુદ્દા નં ૩.૨ મુજબ અરજદારના વીજજોડાણ નંબર-૩૪૫૧૩-૦૪૧૨૯-૩ ના ડીપોઝીટ રીફંડનો રૂ.૧૩૯૭૦૬.૦૦ નો ચેક તા.૧૨.૦૨.૨૧ થી ચેક નંબર-૩૨૩૬૮ થી **RTGS** કરીને અરજદારની ફરિયાદનું પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે એટલેકે અરજદારની સદર ફરિયાદ અન્વયે અગાઉજ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિયમાધીન કાર્યવાહી કરેલ છે. આમ – અરજદારની સદર ફરિયાદ મુજબ રીફંડ મળેલ નથી તે માન્ય રાખી શકાય નહિ.

૪.૨ સદર કેઈસમાં ઉપરોક્ત મુદ્દા નં. ૪.૧ મુજબની જાણકારી બન્ને પક્ષકારોને આપવામાં આવે છે.

૪.૩ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૨ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| (એન.એચ.જોષી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯